# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- ❖ સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-2024માં સુરતને પ્રથમ સ્થાન મળતાં જયપુર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પુરસ્કાર પ્રાપ્ત
- ❖ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગણપતિ બાપાની મૂર્તિઓનાં વિસર્જન માટે વ્યવસ્થા કરવામાં આવી
- ❖ કથિત નીટ-યુજી પરિક્ષા કૌભાંડમાં પાંચ આરોપીઓ વિરુધ્ધ સીબીઆઇએ ચાર્જશીટ દાખલ કરી
- ❖ લોકરક્ષક અને પીએસઆઇની ભરતી માટે નવ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકાશેઃ કુલ એક લાખ 11 હજાર અરજીઓ આવી
- ❖ રાજ્યમાં ચોમાસાની સિસ્ટમ નબળી પડતાં આગામી પાંચ દિવસ નહિંવત વરસાદની સંભાવના

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# SURAT- AWARD

સુરત શહેરે ‘સ્વચ્છ વાયુ સર્વેક્ષણ 2024’માં દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જે અંતર્ગત ગઈકાલે જયપુરમાં યોજાયેલ એક કાર્યક્રમમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે અને રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલે સુરત શહેરને ‘નેશનલ ક્લીન એર સિટી’ એવોર્ડ સહિત ઇનામી રકમ, ટ્રોફી અને પ્રમાણપત્ર અર્પણ કર્યું. આ પુરસ્કાર સુરત શહેરના મેયર દક્ષેશ માવાણી અને મહાનગરપાલિકાના કમિશ્નર શાલિની અગ્રવાલે સ્વીકાર્યો હતો..

---------------------------------------------------------------------

-રીપીટ

# GANESH CHATURTHI

વિઘ્નહર્તા દેવ ગણેશજીની પધરામણીનાં મહોત્સવનો પરંપરાગત ધાર્મિક આસ્થા, ઉલ્લાસ અને ઉમંગ સાથે આરંભ થયો છે. ગઈ કાલે ગણેશ ચતુર્થીનાં રોજ સાર્વજનિક ગણેશોત્સવ પંડાલોમાં અને ઘરોમાં ભાવિકોએ ભારે શ્રધ્ધાપૂર્વક ગણેશ સ્થાપના કરી હતી. મહારાષ્ટ્રની સાથે ગુજરાતમાં પણ ગણપતિ મહોત્સવનો મહિમા વધતો જાય છે.

અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગણપતિની મૂર્તિઓનું વિસર્જન પૂરી શ્રદ્ધા ભક્તિથી થાય તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. આ કુંડ બનાવવાની કામગીરી અત્યારે ચાલી રહી છે મોડી રાત સુધી વિસર્જન ચાલુ રહે તે માટે ફ્લડ લાઈટ પણ લગાવવામાં આવી છે. આ અંગે AMCના સ્ટેન્ડિંગ કમિટના ચેરમેન દેવાંગ દાણીએ વધુ માહિતી આપી..

(દેવાંગ દાણી AMC બાઈટ)

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, શહેરમાં ગણેશોત્સવનો ધામધૂમથી પ્રારંભ થયો છે. વર્ષ 1878માં સૌ પ્રથમ પાટણમાંથી ગણેશ મહોત્સવની ઉજવણી શરૂ થઇ હોવાની લોકવાયકા છે. પાટણના ભદ્ર વિસ્તારમાં 147મા ગણેશોત્સવનો પ્રારંભ થયો છે.

---

- --એનડીએમએસ, પીટીસી પાટણ અનિલ -(NAVIN)

# TARANETAR MELO ANIMAL

પ્રસિધ્ધ તરણેતરનાં લોકમેળામાં બીજા દિવસે ગઈ કાલે ગ્રામીણ ઓલિમ્પિકમાં ગીર સોમનાથ, તાપી, રાજકોટ, મોરબી સહિતના જિલ્લાના રમતવીરોએ જુસ્સાભેર સ્વદેશી રમતો રમીને પોતાની પ્રતિભા દર્શાવી હતી. સુરેન્દ્રનગર જિલ્લાની ખેલાડી હેતલ દુમાદિયાએ લાંબીકૂદ સ્પર્ધામાં દર વર્ષે પ્રથમ ક્રમે વિજેતા બનવાનો સિલસિલો આ વર્ષે પણ કાયમ રાખ્યો હતો. તેઓ પાંચ વખત રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં અને ખેલ મહાકુંભમાં પણ ભાગ લઈ ચુક્યા છે.

આ ઉપરાંત, મેળામાં પશુ પાલકોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે પશુ પ્રદર્શન હરીફાઇ યોજવામાં આવી છે. આ હરિફાઇમાં વિવિધ જિલ્લાઓમાંથી પશુપાલકો ગીર, જાફરાબાદી, કાંકરેજ, બન્ની સહિતની પશુઓની દેશી ઓલાદો સાથે મોટી સંખ્યામાં ઉત્સાહભેર સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. આ પ્રદર્શનમાં સારું દૂધ આપતી ગાય ભેંસના માલિક પોતાની ગાય ભેંસ સાથે આ સ્પર્ધામાં ભાગ લેવા આવ્યા છે. પશુ પાલકોને પોતાનું પશુ વધુ અને સારી ગુણવત્તા ધરાવતું દૂધ કેવી રીતે આપી શકે તે માટે સરકારની વિવિધ યોજના વિશે માર્ગદર્શન આપવામાં આવે છે

આ પશુ પ્રદર્શનમાં 'ચેમ્પિયન ઓફ ધ શો'ને એક લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવે છે.

-------------------------------------------------------------------

--હિં.સ. એનડીએમએસ અનિલ

-(NAVIN)

# NEET

કથિત NEET-UG પરીક્ષા કૌભાંડમાં CBI દ્વારા ગોધરાના પાંચ આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.

ગોધરાની જય જલારામ સ્કૂલના પરીક્ષા કેન્દ્રમાં ચોરી કરાવવા અંગે ગુનો નોંધીને CBI દ્વારા કાર્યવાહી કરાઈ છે. CBI દ્વારા ગત શુક્રવારે ખાસ અદાલતમાં આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરાઈ હતી. 6 સભ્યોની CBI ટીમ ગોધરામાં આગળની કાર્યવાહી કરી રહી છે.

---------------------------------------------------------------------

-ડેસ્ક, હર્ષ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# Police Recruitment Board

પોલિસમાં લોકરક્ષક અને PSIની ભરતી માટે અરજી કરવાની તારીખ લંબાવીને 9 સપ્ટેમ્બર સુધી કરવામાં આવી છે. પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે સોશિયલ મિડીયા પ્લેટફોર્મ X પર જણાવ્યું છે કે, કુલ 12 હજાર 472 જગ્યાની ભરતી માટે અત્યાર સુધી આશરે એક લાખ 11 હજાર જેટલી અરજી આવી છે.

પોલીસ ભરતી બોર્ડ દ્વારા એપ્રિલ મહિનામાં આ અંગેન જાહેરાત આપવામાં આવી હતી. લોકરક્ષક ભરતી માટેની પરિક્ષા જાન્યુઆરી 2025માં અને પીએસઆઇ ભરતી માટેની લેખિત પરિક્ષા ડિસેમ્બર કે જાન્યુઆરી મહિનામાં યોજાય તેવી સંભાવના છે.

---------------------------------------------------------------------

---ડેસ્ક અનિલ

-(NAVIN)

# TRAIN

પશ્ચિમ રેલવે જણાવ્યા અનુસાર, વડોદરા સ્ટેશન પર બ્લોકના કારણે અમદાવાદ મંડળની કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે.

વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 4 પર એન્જિનિયરિંગના કામ માટે આજથી 18 સપ્ટેમ્બર સુધી બ્લોક લેવામાં આવ્યો છે. જે અંતર્ગત, અમદાવાદ-વડોદરા મેમુ ટ્રેન, વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ તેમજ અમદાવાદ-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેન બાજવા સ્ટેશન સુધી જ ચાલશે. આ ટ્રેનો બાજવા-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ઉપરાંત, વડોદરા-અમદાવાદ સંકલ્પ પેસેન્જર ટ્રેન વડોદરાને બદલે પ્રતાપનગર સ્ટેશનથી ઉપડશે.

આ અંગેની વધુ માહિતી પ્રવાસીઓ રેલવેની સત્તાવાર વેબસાઇટ પરથી મેળવી શકે છે.

..............................

રેલવે યાદી-રીટા દવે-યશ્વી

# AAROHAN- AVROHAN SPRDHA

રાજ્ય સરકાર દ્વારા આગામી નવેમ્બર મહિનામાં પાંચ જિલ્લામાં આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. 14 થી 35 વર્ષની વય ધરાવતા યુવક–યુવતીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. એક દિવસીય ગુજરાત આરોહણ-અવરોહણ સ્પર્ધા અંતર્ગત 14 થી 18 વર્ષના યુવક-યુવતી માટે રાજકોટના ઓસમ પર્વત, ચોટીલા પર્વત, ઇડરીયો ગઢ તેમજ 19 થી 35 વર્ષના યુવક-યુવતી માટે પાવાગઢ પર્વત અને વલસાડમાં આવેલા પારનેરા ડુંગર ઉપર આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા યુવક-યુવતીઓએ પોતાના જિલ્લાની, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતે 30મી સપ્ટેમ્બર સુધીમાં અરજી ફોર્મ મોકલી આપવાનું રહેશે.

---

- મા.ખાતું-સંસ્કૃતિ ભુંડિયા-યશ્વી

# GTU- HECATHON

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી- જીટીયુ દ્વારા આંતરિક હેકાથોન-2024નુ આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનો રોજબરોજની સમસ્યાનો સામનો સકારાત્મક રીતે કરી શકે તે ઉદ્દેશથી આ હેકાથોનનું આયોજન કરાયું હતું.. આ કાર્યક્રમમાં 450થી વધુ વિદ્યાર્થીઓનાં બનેલા 85 જુથોએ હેકાથોન કસોટીમાં ભાગ લીધો હતો.

---

- જીટીયુ સેલ-સંસ્કૃતિ ભુંડિયા-યશ્રી

-(NAVIN)

# Rain

રાજ્યમાં ચોમાસાની સિસ્ટમ નબળી પડતા આગામી પાંચ દિવસ ભારે વરસાદની સંભાવના નહીવત છે. આજે સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ અને વલસાડ જિલ્લામાં જ ભારે વરસાદનું યલો એલર્ટ છે. સપ્ટેમ્બરનાં ત્રીજા સપ્તાહથી રાજ્યમાં ચોમાસાની તબક્કાવાર વિદાય શરૂ થઈ શકે છે.

રાજ્યમાં ગઈ કાલે નહિવત વરસાદ પડ્યો હતો. સવારે છ વાગ્યાથી રાત્રિનાં આઠ વાગ્યા સુધી 39 તાલુકામાં હળવો વરસાદ પડ્યો હતો. સૌથી વધુ બે ઇંચ વરસાદ નવસારીના વાંસદા તાલુકામાં અને પોણા બે ઇંચ વરસાદ ડાંગનાં વઘઈ તાલુકામાં પડ્યો હતો. સ્ટેટ ઇમજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરની યાદી પ્રમાણે ગઇ કાલ સુધી મોસમનો સરેરાશ 122 ટકા વરસાદ પડ્યો છે. સૌથી વધુ 183 ટકા વરસાદ કચ્છ ઝોનમાં પડ્યો છે, જ્યારે સૌરાષ્ટ્ર ઝોનમાં 128 ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં 123 ટકા, પૂર્વ-મધ્ય ઝોનમાં 117 ટકા અને ઉત્તર ગુજરાત ઝોનમાં 105 ટકા વરસાદ પડ્યો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાનો 88 ટકા ભરાયો છે. રાજ્યનાં અન્ય જળાશયો 83 ટકા ભરાયા છે. 100 ટકા ભરાયેલા ડેમની સંખ્યા 117 અને 70થી 100 ટકા વચ્ચે ભરાયેલા ડેમની સંખ્યા 44 છે.

---------------------------------------------------------------------

- ડેસ્ક, યાદી અનિલ

-(NAVIN)

# KUTCH GRANED

કચ્છના કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાંથી હેન્ડ ગ્રેનેડ મળી આવ્યો હતો... આ જપ્ત કરાયેલા હેન્ડ ગ્રેનેડ US આર્મીનો હોવાનું પ્રાથમિક અનુમાન થઇ રહ્યું છે.. કંડલા પોર્ટ પર વિદેશથી આયાત કરાયેલા એક કન્સાઈનમેન્ટમાં હેન્ડ ગ્રેનેડ મળી આવ્યો હતો, જેની તપાસ થઇ રહી છે.. આ ગ્રેનેડ મળ્યો હોવાની માહિતી મળતા પૂર્વ કચ્છ એસ.પી. અને પોલીસની ટીમ દ્વારા તપાસ શરૂ કરાઈ છે.

--------------------------------------------------------------------

- પીટીસી-પશ્ચિમ કચ્છ-હર્ષલ પંડ્યા-યશ્રી